## બિનસરકારી લઘુમતી માધ્યમિક શાળાઓના કર્મચારીઓની નિવૃત્તિવય અંતર્ગત વિનિયમ-36 ના પાલનમાંથી મુક્તિ અંગે

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ક્રમાંક : ધ-પેન/1/વયનિવૃત્તિ/4734-53
બ્લૉક નં.12, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, તા. 24-4-'97

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

**પરિપત્ર**

વિષય : ગ્રાન્ટ-ઈન-એઈડ કોડના પ્રકરણ-15 માં નિવૃત્તિવય અંગેની સંબંધિત કલમમાં સુધારો કરવા બાબત.

*સંદર્ભ : (1) સરકારશ્રીના શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ/1196/960-ગ, તા. 7-12-'96.*
*(2) સરકારશ્રીના શિક્ષણ વિભાગનો ઠ.ક્ર. : એસઈઆર-1074- 36379-ગ,તા. 4-12-'95.*

વંચાણ (1) અન્વયેના સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ અંગે જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ તરફથી ઠરાવનો અમલ કરતાં કેટલીક દ્વિધાઓ અનુભવવામાં આવતાં આ કચેરી પાસે માર્ગદર્શન માંગવામાં આવે છે.

ગ્રાન્ટ-ઈન-એઈડ-કોડ, 1964 ના નિયમ 81.2 શિક્ષકો માટે છે અને તેમાં આચાર્ય પણ શિક્ષક હોવાથી તેમને લાગુ પડે એ બાબત સ્વાભાવિક છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974 ના વિનિયમ-43 માં સૂચવ્યા મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974 નો વિનિયમ-36 લઘુમતી સંસ્થાઓને લાગુ પાડવામાંથી બાકાત રાખવામાં આવેલ છે. જ્યારે સામાન્ય સંસ્થાઓને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974 નો વિનિયમ-36 લાગુ પડેલ છે.

આમ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીને જાણ કરવામાં આવે છે કે, રાજ્યની બિનસરકારી માધ્યમિક શાળાઓ જે લઘુમતી સંસ્થાઓની છે. તેમને ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-43 માં કરાયેલ જોગવાઈ તેમ જ ગ્રાન્ટ-ઈન-એઈડની કોલમ-81.2 લાગુ પડે છે, જ્યારે બિનલઘુમતી સંસ્થાઓ એટલે કે સામાન્ય સંસ્થાઓ બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓ માટે માધ્યમિક શિક્ષણ વિનિયમ-36 મુજબ નિવૃત્તિવય રાખવાની રહેશે, જેની નોંધ લેવા અને તે પ્રમાણે કાર્યવાહી થાય તે જોવું.

સહી, સત્તાધિકારી
ઉ. શિ. ક., ગુ.રા., ગાંધીનગર